# ફોર વ્હીલ ગાડીના કાચ તોડી બેગની ઉઠાંતરી કરનાર આંતરરાજ્ય તામીલનાડુ-ત્રીચીની ગેંગને ઝડપી પાડી સુરત શહેર ખાતેના કુલ-૧૮ ગુનાઓનો ભેદ ઉકેલતી ક્રાઇમબ્રાંચ

છેલ્લા કેટલાક મહિનાથી સુરત શહેરના પોશ વિસ્તારમાં પાર્ક કરેલ ફોર વ્હીલ ગાડીઓના કાચ તોડી કારમાં મુકેલ બેગ તેમજ મેલુ નાંખી બેગની ઉઠાંતરી તેમજ તમારા પૈસા પડી ગયા, તેમ કહી નજર ચુકવી કિંમતી સામાનની ઉઠાંતરી કરવાના બનાવો પામેલ હતા. જે ગુનાઓ ક્રાઇમબ્રાંચની ટીમ દ્વારા ગત તા.૦૪/૦૭/૨૦૧૮ ઉમરા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાંથી ત્રણ ફોર વ્હીલ કારોના કાચ તોડી બેગોની ઉઠાંતરી થયેલ હતી. જેમાં લાખોની રોકડ રકમ, જ્વેલરી, ફોરેન કરન્સી વિગેરેની ચોરી થઇ જતા આ અંગે અલગ અલગ ત્રણ ગુનાઓ ઉમરા પો.સ્ટે.માં દાખલ થયેલ હતા. જે તમામ ગુનાઓ એક જ એમ.ઓ.થી આચરવામાં આવેલ આ રીતેના ગુનાઓ આચરી તરખાટ મચાવવામાં મોટી ટોળકી સંડોવાયેલ હોવાનું જાહેર થતા શહેર વિસ્તારમાં બનેલ આ પ્રકારના ગુનાઓના ભેદ ઉકેલવા માટે ક્રાઈમ બ્રાંચના ઉપરી અધિકારીઓના માર્ગદશન હેઠળ ડી.સી.બી. પો.સ્ટે.ના અધિકારીશ્રીઓ/પો.માણસોની જુદી જુદી ટીમો શહેર વિસ્તારમાં બનેલ આ પ્રકારના ગુન્હાઓના ભેદ ઉકેલવા પેટ્રોલીંગ દરમ્યાન PSI શ્રી સી.એચ.પનારા તથા PSI શ્રી એમ.એસ.ત્રિવેદી નાઓને મળેલ બાતમી હકીકત આધારે રીંગરોડ, જુની આર.ટી.ઓ.ની સામે, સીટી બસ સ્ટેન્ડ પાસેથી (૧) મધુસુદન સત્યમુર્તી સેરવૈ ઉ.વ.૩૫ રહે,૪૪, મીલ કોલોની, રામજીનગરગામ, જી-ત્રિચી, તામીલનાડુ (૨) બિસ્મર S/O મુર્તિ સેરવૈ ઉ.વ.૩૨ રહે,ઘર નંબર-૪૩, ગામ-રામજીનગર, જી-ત્રિચી, તામીલનાડુ (૩) હરીહરણ S/O ગાંધી સેરવૈ ઉ.વ.૨૨ રહે,ગામ-ગાંધીનગર, રામજીનગર પો.સ્ટે. જી-ત્રિચી, તામીલનાડુ (૪) સુંદરરાજ S/O લોગનાદન સેરવૈ ઉ.વ.૫૫ રહે,ઘર નંબર-૫૨, સી.ટી.ઓ.કોલોની, ત્રિચી રોડ, જી-ત્રિચી, તમિલનાડુ નાઓને ભારતીય ચલણની જુદા જુદા દરની ચલણી નોટો કુલ્લે રોકડા રૂ!.૨૨,૨૮૦/- તથા વિદેશી ચલણની ચલણી નોટો જેમાં ૨૦૦ યુ.એસ.ડોલર તેમજ વેનેઝુએલાની કરન્સી ૧૦૦૦ બોલીવેરની એક નોટ મળી આશરે કુલ્લે રૂ!.૧૫,૦૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૩ કુલ્લે રૂ!.૧૧૦૦/- તેમજ ગિલોલ નંગ-૨ અને લોખંડના છરા કુલ નંગ-૨૩ મળી કુલ્લે રૂ!.૩૮,૪૮૦/-ની મત્તાના મુદ્દામાલ સાથે શકમંદ હાલતમાં ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ હતી.

મજકૂર આરોપીઓની પુછપરછ કરતા જાહેર થયેલ કે, એક ખુબ જ મોટી ગેંગ આ પ્રકારના ગુનાઓ આચારવામાં ભારત દેશના તમામ રાજ્યોમાં સક્રિય છે. જેમાં હાલના પકડાયેલા ચારેય આરોપીઓના ટીમ લીડર લક્ષ્મણ નંદકુમાર સેરવૈ તથા મનોજ કન્નન સેરવૈનાઓ છે. અને ચારેય જણા તેઓના અન્ય સાગરીતો મુર્તી ક્રીષ્નન સેરવૈ અને બાદૈયા સરવૈનાઓની સાથે આજથી પંદરેક દિવસ પહેલા ગુજરાત, સુરત મુકામે આ પ્રકારના ગુનાઓ આચરવા માટે આવેલા હોવાની કબુલાત કરેલ આ આરોપીઓની ટોળકી જ્યારે કામ કરવા માટે નીકળે ત્યારે તમામ સાગરીતો રીક્ષામાં બેસી ટાર્ગેટવાળા વિસ્તારમાં જઇ ફોર વ્હીલ કારની રેકી કરી તેમાં કોઇ બેગ કે, કિંમતી સામાન મુકેલો દેખાય તો બીજા સભ્યો આજુબાજુ નજર કરતા ઉભા રહી ટોળકીનો એક સભ્ય પોતાની પાસેની ગિલોલ વડે કાચ ઉપર છરો મારી આગળ નીકળી જાય અને તુર્ત જ બીજો સભ્ય તુટેલા કાચમાંથી હાથ નાંખી બેગ કે પર્સ ઉઠાવી તમામ સભ્યો ત્યાંથી નાશી જાય છે.

તેઓની ટોળકીમા ૧૨ થી ૧૫ સભ્યો છે. તેમજ તેઓના ગામ તથા આસ-પાસના ગામમા તેમના જેવી જ રીતે ચોરી કરતી બીજી ઘણી ટોળકીઓ છે જેમા કુલે આ પ્રકારે ચોરી કરનાર ૧૦૦ થી વધુ ઈસમો છે જે સમગ્ર દેશમા અલગ અલજ જગ્યાએ જઈ ચોરી કરે છે તેમ જણાવેલ છે તેઓની ચોરી કરવાની એમ.ઓ (૧) કાચ તોડી ચોરી કરવી (૨) રૂપીયા નાંખી ચોરી કરવી (૩) ઓઈલ ટપકે છે તેમ જણાવી ચોરી કરવી (૪) મેલુ નાંખી ચોરી કરવી (૫) બેંકમા નજર ચુકવી ચોરી કરવી છે.

પકડાયેલા ચારેય આરોપીઓ તેમજ તેમની ટીમના ટીમ લીડર લક્ષ્મણ નંદકુમાર સેરવૈ તથા મનોજ કન્નન સેરવૈનાઓ તેમજ અન્ય સાગરીતો મુર્તી ક્રીષ્નન સેરવૈ અને બાદૈયા સરવૈનાઓની સાથે સુરત ખાતે આચરેલ નીચે મુજબના ગુનાઓની કબુલાત કરેલ છે.

(૧) ઉમરા પો.સ્ટે.I-ગુ.ર.નંબર-૨૦૦/૨૦૧૮ ઇ.પી.કો.- ૩૭૯,૪૨૭ મુજબ
(૨) ઉમરા પો.સ્ટે. I ગુ.ર.નંબર-૨૦૧/૨૦૧૮ ઇ.પી.કો. કલમ- ૩૭૯,૪૨૭ મુજબ
(૩) ઉમરા પો.સ્ટે.Iગુ.ર.નંબર-૨૦૨/૨૦૧૮ ઇ.પી.કો. કલમ- ૩૭૯,૪૨૭ મુજબ
(૪) મહિધરપુરા પો.સ્ટે. I ગુ.ર.નંબર-૨૪/૧૮ ઇ.પી.કો કલમ ૩૭૯,૧૧૪ મુજબ
(૫) મહિધરપુરા પો.સ્ટે. I ગુ.ર.નંબર-૨૯/૧૮ ઇ.પી.કો કલમ- ૩૭૯,૧૧૪ મુજબ
(૬) ખટોદરા પો.સ્ટે I - ગુ.ર.નંબર-ગુ.ર.નં. ૫૫/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૩૭૯,૧૧૪ મુજબ

(૭) સલાબતપુરા પો.સ્ટે. I ગુ.ર.નં. ૬૯/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૩૭૯,૧૧૪ મુજબ
(૮) રાંદેર પો.સ્ટે. I ગુ.ર.નં.૧૩/૨૦૧૮ ઈ.પી.કો કલમ-૩૭૯ મુજબ
(૯) ખટોદરા પો.સ્ટે. I ગુ.ર.નં.૧૯/૨૦૧૪ ઈ.પી.કો કલમ-૩૭૯ મુજબ
(૧૦) ઉમરા પો.સ્ટે.I-ગુ.ર.નં.૨૪૫/૨૦૧૫ ઇ.પી.કો. કલમ ૩૭૯,૧૧૪ મુજબ.
(૧૧) અઠવા પો.સ્ટે.I ગુ.ર.નં. ૨૯/૨૦૧૭ ઇ.પી.કો.કલમ- ૩૭૯,૧૧૪ મુજબ.
(૧૨) રેલવે પો.સ્ટે.I ગુ.ર.નં.૩૭૧/૨૦૧૬ ઇ.પી.કો.કલમ- ૩૭૯,૧૧૪ મુજબ.
(૧૩) રેલવે પો.સ્ટે.I-ગુ.ર.નં.૫૧/૨૦૧૭ ઇ.પી.કો.કલમ- ૩૭૯,૧૧૪ મુજબ.
(૧૪) રેલવે પો.સ્ટે.I-ગુ.ર.નં.૫૪/૨૦૧૭ ઇ.પી.કો.કલમ- ૩૭૯,૧૧૪ મુજબ.
(૧૫) ખટોદરા પો.સ્ટે.I-ગુ.ર.નં.૧૦/૨૦૧૮ ઇ.પી.કો.કલમ- ૩૮૦,૧૧૪ મુજબ.
(૧૬) અઠવા પો.સ્ટે.I-ગુ.ર.નં.૧૫૫/૨૦૧૫ ઇ.પી.કો.કલમ- ૩૭૯,૧૧૪ મુજબ.
(૧૭) ઉમરા પો.સ્ટે.I- ગુ.ર.નં.૧૭૭/૨૦૧૫ ઇ.પી.કો.કલમ- ૩૭૯,૧૧૪ મુજબ.
(૧૮) ઉમરા પો.સ્ટે. I- ગુ.ર.નં.૩૫૭/૨૦૧૭ ઇ.પી.કો.કલમ- ૩૭૯,૧૧૪ મુજબ.

પકડાયેલ આરોપીઓ તેમના વતનથી પોતાના પરીવારને જાણ કરી જે તે રાજ્યમા ચોરી કરવા માટે નીકળે છે અને આશરે ૧૫-૨૦ દિવસ એક રાજ્યના અલગ અલગ શહેરોમા કામ કર્યા બાદ તે પોતના વતન ચાલી જાય છે. જે શહેરમા તેઓને ચોરી કરવાની હોય તે શહેરમાં તેઓ ક્યારેય રોકાતા નથી. આ ટોળકીના કોઈ સભ્યો હોટલમા પણ રોકાતા નથી તેઓ મોટા ભાગે રેલવે સ્ટેશન પર સુઈ રહે છે અને તેમની ગેંગનો એક સભ્ય તેમનો સામાન સાચવી રેલવે સ્ટેશન પર બેસી રહે છે.

મજકૂર આરોપીઓની ગેંગે સુરત શહેરમા અઠવા પો.સ્ટે વિસ્તારમા આવેલ સ્ટેટ બેંક ઓફ મૈસુરમાં કરેલ ચોરી તથા ખટોદરા પો.સ્ટે. પો.સ્ટે.માં આવેલ ડી.સી.બી. બેંકના કેશીયરની નજર ચુકવી નવ લાખથી વધુની મત્તાની ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ છે.

મજકૂર ગેંગ સને-૨૦૧૩થી સક્રિય છે. અને સને-૨૦૧૩થી આજદિન સુધી પકડાયેલ ચાર આરોપીઓ તેમજ તેઓની ગેંગના સભ્યોએ સુરતમાં-૨૫, અમદાવાદમાં-૧૦, વડોદરામાં-૪, નાસીકમાં-૬, પુણેમાં-૧૧, મુબઈમાં-૩૦,સોલાપુરમાં-૨, મદુરાઈમાં-૪, બેંગલોરમાં-૧૫, ચેન્નઈમાં-૮ આમ, કુલે-૧૧૫ જગ્યાએ ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ છે.